# હિંમતનગરમાં કોંગ્રેસ દ્વારા ખેડૂત વિરોધી કાયદાની હોળી કરાઈ

**ટાવરચોક ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ૧૫થી વધુ કાર્યકરોની અટકાયત તાલુકા મથકો બાદ આંદોલનને ગામડામાં લઈ જવા કોંગ્રેસ કટીબધ્ધ**

હિંમતનગર, તા. ૨૪

કેન્દ્ર સરકાર દ્વારા બનાવાયેલા કૃષિ કાયદાઓ પૈકી ત્રણ કાયદાઓ ખેડૂત વિરોધી મનાઈ રહ્યા છે ત્યારે છેલ્લા ગણા સમયથી દિલ્હીની સરહદ પર ચાલી રહેલા ખેડૂત આંદોલનની કેન્દ્ર સરકાર નોંધ સુધ્ધા લેવા તૈયાર નથી ત્યારે આ આંદોલનને વધુ વેગવાન બનાવવાના આશયથી કોંગ્રેસ દ્વારા પ્રયાસ શરૂ કરાયા છે ત્યારે ગુરૂવારે સાબરકાંઠા કોંગ્રેસ દ્વારા હિંમતનગર સહિત તમામ તાલુકા મથકે કૃષિબીલની હોળી કરવાના કાર્યક્રમો યોજાયા હતા. જોકે સ્થાનિક પોલીસે વિરોધ કરી રહેલા કેટલાક અગ્રણીઓ અને કાર્યકરોની અટકાયત કરી હતી. ત્યારબાદ તેમનો છુટકારો કરાયો હતો. આ અંગે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસના યુવા પ્રમુખ તથા વિધાનસભાના હિંમતનગર બેઠકના પૂર્વ ઉમેદવાર કમલેશભાઈ પટેલ તથા કાર્યકરોના જણાવાયા મુજબ કેન્દ્ર સરકારે બનાવેલા ત્રણ કૃષિ કાયદાને લીધે ભવિષ્યમાં ખેડૂત ફક્ત વેઠીયો બની જવાની શક્યતા છે. અને તે મોટા ઉદ્યોગપતિઓ માટે કઠપુતલી સમાન બની જશે જેથી ખેતીપ્રધાન દેશને બચાવવા માટે ખુબજ જરૂરી છે.

ખેતરોમાં રાતદિવસ મહેનત કરીને લોકોને અનાજ તથા અન્ય જીવન જરૂરી ચિજવસ્તુઓ તૈયાર કરી વેચતા આ અન્ન દાતાનું અસ્તિત્વ જોખમાય નહી તે જરૂરી છે. જેથી કોંગ્રેસ દ્વારા કૃષિ કાયદા અંગે સમજ આપવા તથા તેનાથી થનારા ગેરફાયદાથી વાકેફ કરવાના આશયથી ખેડૂત વિરોધી આંદોલનને ગામડાઓ સુધી લઈ જવાનો નિર્ધાર કરાયો છે ત્યારે ગુરૂવારે હિંમતનગરના ટાવરચોક ખાતે ખેડૂત વિરોધી ત્રણ કૃષિબીલની હોળી કરવાના આશયથી પ્રિન્ટેડ બીલને ફાડી નાખવાની ચેષ્ટા કરાતા તરત જ હાજર પોલીસે વિરોધ કરી રહેલા કોંગ્રેસીઓને પકડી પોલીસવાનમાં બેસાડી દેવામાં આવ્યા હતા. જોકે વાનમાં બેઠા પછી પણ કોંગ્રેસી કાર્યકરોએ કેન્દ્રની ભાજપ સરકાર વિરૂધ્ધ સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા. તેમ છતા અટકાયત કરાયેલ આ કાર્યકરોને હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં લઈ જવાયા હતા. ત્યારબાદ બીડીવીઝન પોલીસે કાયદેસરની કાર્યવાહી કરીને અટકાયત કરાયેલ કાર્યકરોને છોડી મુકવામાં આવ્યા હતા. કોંગ્રેસના દાવા મુજબ ખેડૂત વિરોધી કાયદા અંગે ખેડૂતોમાં વધુ જાગૃતિ આવે તે આશયથી જિલ્લાના તમામ તાલુકા મથકે પણ કાર્યક્રમો યોજાયા હતા. હિંમતનગરના ટાવરચોકમાં કૃષિબીલનો વિરોધ કરી રહેલા ૧૫ થી વધુ કાર્યકરોની અટકાયત કરાઈ હોવાનું પોલીસ સૂત્રોમાંથી જણાવાયુ છે.

# જીવતા તો અસ્પૃશ્યતાનો ભોગ બનતા રહ્યા, મૃત્યુ પછી પણ અસ્પૃશ્યતાએ પીછો ન છોડ્યો

## માલપુરના ફાંસારેલ ગામે વૃદ્ધનો મૃતદેહ અંતિમવિધિથી રઝળ્યો

મોડાસા, તા. ૨૪

ગુજરાતમાં અસ્પૃશ્યતા,સામાજિક સમરસતાની વાતો કરવામાં ભાજપ સરકારે કઈ કમી નથી રાખી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દલિતોના ઉદ્ધાર માટે વચનો તો મન મૂકીને આપે છે વાસ્તવમાં ગતિશીલ ગુજરાતના બણગા ફૂંકતી આ અંગે જીલ્લા પોલીસવડા અને વહીવટી તંત્રને જાણ કરતા તંત્ર દોડતું થયું હતું.

આખરે સ્થાનિક પોલીસ અને મામલતદારની ઉપસ્થિતિમાં ગામના લોકો સાથે ચર્ચા હાથધરી આખરે મામલો થાળે પાડી વૃદ્ધની અંતિમવિધિ શરૂ કરવામાં આવી હતી દેશમાં અનેકવાર મૃતક



સરકારમાં દલિતોની સ્થિતી દયનિય છે હજુ પણ કહેવાતા સભ્ય સમાજના કેટલાક લોકોની માનસિક સ્થિતી દરિદ્ર જોવા મળી રહી છે રાજ્યમાં છાસવારે દલિતો પર હુમલા થવાની અને હડધૂત કરવાની ઘટનાઓ બની રહી છે ત્યારે અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના ફાંસારેલ ગામે દલીત સમાજનું સ્મશાન ન હોવાથી વર્ષોથી ખરાબાની જગ્યામાં અંતિમક્રિયા કરતા હતા ત્યારે અનુસુચિત જાતિ સમાજના વૃદ્ધનું સર્પદંશથી મોત થતા સમાજના લોકો અંતિમક્રિયા માટે ખરાબાની જગ્યામાં અંતિમક્રિયા માટે પહોંચતા ગામના કહેવતા સવર્ણ સમાજના લોકોએ વૃદ્ધની અંતિમક્રિયાની વિધિ અટકાવી તેમની માલીકીની જગ્યા હોવાનું જણાવતા દલિત સમાજના લોકોને ત્રણ ત્રણ સ્થળે વૃદ્ધની અંતિમક્રિયા ન થવા દેતા પરિવારજનો ૫-૫ કલાકથી લાશ લઈને રઝળી રહ્યા છે આ અંગેની જાણ દલીત સમાજના અગ્રણી હસમુખ સક્સેનાને થતા તાબડતોડ ફાંસારેલ ગામે પહોંચ્યા હતા અને વ્યક્તિના મૃતદેહનું સન્માન ન જળવાતું હોવાની ઘટનાઓ બનતી રહે છે.

### લોકોમાં ફિટકારની લાગણી વરસી

જીવતાઓના અધિકારો માટે પણ વલખાં હોય ત્યાં શબના સન્માનપૂર્વક મૃત્યુના અધિકાર માટે લડે કોણ ?આટલી બેરૂખી અને બેઅદબી જોઈ કોઈ પણ કહે કે હવે જીવવા જેવુ રહ્યું નથી પણ મર્યા પછી પણ... સાવ... આવું... મોતનો મલાજો ન જાળવી શકતા આવી નીચ માનસિકતા ધરાવતા લોકો સામે ફિટકારની લાગણી વરસી રહી છે. પત્નીના મૃતદેહને ખભા પર લઈને ચાલનારને તો પૂછ્યું એની ગરીબી વિશે... પણ આ રીતે મર્યા બાદ પણ અસ્પૃશ્યતાનો સામનો કરાવનાર સામે કોણ કોને પૂછશે? માનવતાને નેવે મૂકતાં આવા જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ થઈ રહી છે.

માલપુરના ફાંસારેલ ગામે જીવતા તો અસ્પૃશ્યતાનો ભોગ બનતા રહ્યા મૃત્યુ પછી પણ અસ્પૃશ્યતાએ પીછો ન છોડ્યો હોય તેમ હૃદયદ્રાવક કિસ્સો બહાર આવતા ભારે ચકચાર મચી છે ગામમાં રહેતા અનુસુચિત જાતિ સમાજના વૃદ્ધને સાપે ડંસ મારતા મોત નિપજતા મૃતદેહની અંતિમવિધિ કરવા માટે પરિવારજનોએ ૫ કલાક સુધી રઝળપાટ કરવો પડતા ભારે ચકચાર મચી છે સમગ્ર ઘટનાથી દલીત સમાજમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

આ ઘટના બાદ સર્વત્ર ફિટકાર વરસી રહ્યો છે, અને જાણે મૃતદેહના શબ્દો ગુંજી રહ્યા છે કે, રે કુદરત ! તેરે દર દેર ભી ઔર અંધેર ભી... જિંદગી અસ્પૃશ્યતા સાથે ગુજારી તો મર્યા પછી મોતની અદબ જળવાતી તો આત્માને શાંતિ મળતી પણ મને આ તે કેવો અન્યાય... મર્યા પછી પણ રાખ્યો અસ્પૃશ્ય...

# થરાદના વડગામડામાં યોજાયેલ ડાયરામાં સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા

**એક પીએસઆઈ અને બે કોન્સ્ટેબલ સસ્પેન્ડ : આયોજક સહિત ૧૨ વિરુદ્ધ ગુનો દાખલ**

ડીસા,તા. ૨૪

કોરોનાકાળ વચ્ચે થરાદ તાલુકાના વડગામડા ગામે ગઈકાલે ડાયરાનું આયોજન હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાના થરાદ તાલુકાના વડગામડા ગામે ગઈકાલે ડાયરાનું આયોજન બેદરકારી દાખવનાર એક પીએસઆઈ અને બે હેડ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરતાં હડકંપ મચી ગયો છે. સૂત્રોએ જણાવ્યું



કરવામાં આવ્યુ હતુ. જેમાં અનેક લોકો માસ્ક વિના અને સોશિયલ ડિસ્ટન્સનોં ભંગ જોવા મળતાં પોલીસ તંત્ર એક્શનમાં આવ્યુ છે. જીલ્લા પોલીસ વડાએ કોવિડ લગત ફરજમાં બેદરકારીને લઈ તાત્કાલિક અસરથી એક પીએસઆઈ અને બે હેડ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કર્યા છે. આ સાથે આયોજક સહિત કુલ બાર લોકો સામે જાહેરનામા ભંગ સહિતનો ગુનો નોંધી વધુ તપાસ કરવામાં આવ્યુ હતુ. સમસ્ત વડગામડા ગ્રામજનો તરફથી કરવામાં આવેલા આ આયોજનમાં થરાદ એએસપી પૂજા યાદવ સહિત સાંસદ -ધારાસભ્યોના નામનો પત્રિકામાં ઉલ્લેખ કરાયો છે. આ તરફ ગઈકાલના ડાયરાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસ તંત્ર હરકતમાં આવ્યુ છે. જેને થઈ બનાસકાંઠા એસપી તરૂણકુમાર દુગ્ગલે તાત્કાલિક ફરજમાં હતુ કે, કોરોના વચ્ચે સંક્રમણ ન ફેલાય તે માટે કોવિડ ગાઈન નક્કી કરવામાં આવી હોવા છતાં ડાયરાનું આયોજન કરતાં મોટી કાર્યવાહી સામે આવી છે. આ સાથે એએસપી પૂજા યાદવનું નામ પણ આમંત્રણ પત્રિકામાં તેમને પુછ્યાં વગર લખ્યું હોવાનું સામે આવ્યુ છે. રાત્રે યોજાયેલ ડાયરાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયાં બાદ તાત્કાલિક અસરથી આયોજક સહિત બાર સામે ગુનો દાખલ થયા બાદ આયોજક ધનજી પટેલની અટકાયત કરવામાં આવી છે.

સમગ્ર મામલે બનાસકાંઠા જીલ્લા પોલીસવડા તરૂણ કુમાર દુગ્ગલે જણાવ્યું હતુ કે, થરાદ તાલુકાના વડગામડા ગામે ગઈકાલે રાત્રે લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જોકે કોરોના મહામારી હોઈ કાર્યક્રમો કરવાના ન હોવા છતાં આયોજન કરાયું હોવાથી આયોજકો સહિતના સામે ડીઝાસ્ટર મેનેજમેન્ટ અને એપેડેમિક એક્ટ અને આઈપીસીની કલમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાં એક આરોપીની ધરપકડ કરાઈ છે. અમારા એએસપી પૂજા યાદવનું નામ પણ તેમની જાણ બહાર લખ્યું હોવાથી તેઓ ઉપસ્થિત રહ્યા ન હતા. આવા કોઈ કાર્યક્રમ ન થાય તે માટે પોલીસે તાલુકા મથકો પર અલગ-અલગ ટીમો બનાવેલ છે. જેને લઈ ફરજમાં નિષ્ફળ રહેલાં પીએસઆઈ એમ. એમ. કુરેશી અનેહેડ કોન્સ્ટેબલ અશોકભાઈ અને વાહજીભાઈને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ સાથે તેમની સામે ઈક્વાયરી કરવામાં આવશે તેમ એસપીએ ઉમેર્યુ હતુ.

# સાબરકાંઠા જિલ્લા શિક્ષક માધ્યમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખનો નિવૃત્ત સન્માન સમારોહ યોજાયો

મોડાસા, તા. ૨૪

દધાલિયામાં આવેલા કકરાઈ માતાજીના મંદિર ખાતે શિક્ષકના નિવૃતિ સમારોહનો કાર્યક્રમ આયોજિત કરાયો હતો શિક્ષણ સાથે સંકળાયેલા આગેવાનોએ શુભેચ્છા પાઠવી હતી. સાબરકાંઠા માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ, મંત્રી સહીત હોદ્દેદારો અને સમાજના અગ્રણીઓ ઉપસ્થીત રહ્યા હતા ફરજકાળ દરમિયાન જામળા હાઈસ્કૂલમાં શિક્ષણની જ્યોત જલાવનાર અને શિક્ષકોના પડતર પ્રશ્નો માટે હંમેશા સરકારમાં સુનિયોજીત રજુઆત કરી સમસ્યાનું નિરાકરણ લાવનાર નાનજીભાઈ પ્રણામીને શૈક્ષણીક આલમ સાથે સંકળાયેલ લોકોએ શુભેચ્છા પાઠવી હતી વય નિવૃત્તિ કાર્યક્રમમાં કોરોના મહામારીના પગલે સરકારી ગાઈડલાઈન અનુસાર સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્કનો ફરજીયાત અમલવારી કરવામાં આવી હતી. સમારોહનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. કકરાઈ માતાજીના મંદિર ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શિક્ષક આગેવાનો શિક્ષણ સાથે સંકળાયેલા મહાનુભાવો તેમજ સમાજના આગેવાનો ઉપસ્થિત રહીને નિવૃત્ત થયેલા શિક્ષકનું સન્માન કરીને તેઓને વિદાય આપવામાં આવી હતી.

# ડુંગળીના ભાવ તળીયે : મોડાસામાં ડુંગળી લેવા પડાપડી, સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ

ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળીના ભાવ થોડા દિવસો અગાઉ કિલોએ ૬૦ થી ૮૦ રૂપિયાએ આંબી જતા ધીરે ધીરે થાળી માંથી ગાયબ થઈ ગઈ હતી પરંતુ છેલ્લા એક સપ્તાહમાં ડુંગળીના ભાવ ગગડીને તળિયે પહોંચી જતાં ખેડૂતો ને રાતે પાણીએ રોવાનો વારો આવ્યો છે.હાલ લીલી અને સૂકી ડુંગળીના ભાવ ગગડતા કિલોએ ૫ થી ૧૦ રૂપિયામાં પર પહોંચતા ખેડૂતોની હાલત દયનિય બની છે ત્યારે મોડાસા શહેરમાં શાકભાજી માર્કેટમાં સસ્તી ડુંગળી લેવા વેપારીઓએ અને ફેરિયાઓએ પડાપડી કરતો વિડીયો સોશ્યલ મીડિયામાં ભારે વાયરલ થયો છે



ખેડૂત પાસેથી ૧૦ રૂપિયે ખરીદેલ ડુંગળી હજુ પણ મોડાસામાં ૪૦ રૂપિયા કિલો વેચાણ કરી ગ્રાહકો પાસેથી ઉઘાડી લૂંટ કરી રહ્યા છે

અરવલ્લીના મોડાસામાં ડુંગળી લેવા માટે લોકોએ પડાપડી કરી હતી. મોડાસાના શાકભાજી માર્કેટમાં ડુંગળી ઓછા ભાવમાં મળતા પડાપડીના દ્રશ્યો સર્જાયા હતા. માત્ર ૧૦ રૂપિયા કિલો ભાવે ડુંગળી વેચાતા લોકોએ ડુંગળી ખરીદવા પડાપડી કરી હતી. ડુંગળી લેવા પડાપડી કરતા હોવાના દ્રશ્યો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. ડુંગળીના ભાવોમાં ધરખમ ઘટાડો થતા લોકોએ ડુંગળી લેવા દોડ્યા હતા. મોડાસામાં ડુંગળી લેવા પડાપડી કરતો વિડીયો સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થઈ રહ્યો છે.

**લો બોલો... કોંગ્રેસીઓ નવા કૃષિ બીલને ફાડી વિરોધ કરી રહી હતી ત્યાં**

# પોલીસે કૃષિ બિલ કોંગ્રેસીઓ પાસેથી ઉઘરાવી લીધા, ૧૦થી વધુ કાર્યકરોની અટકાયત

મોડાસા, તા. ૨૪

ખેડૂતો કૃષિ કાયદાના વિરોધમાં આંદોલન ચલાવી રહ્યા છે જેને એક મહિનો પુરો થવા જઈ



રહ્યો છે. આ સ્થિતિ વચ્ચે પણ સરકાર કાયદા પરત લેવા માટે તૈયાર નથી અને માત્ર સુધારા માટે વાતચીત પર અટકી છે. ત્યારે બીજી તરફ રોષે ભરાયેલા ખેડૂત નેતાઓએ સરકારને પડકાર ફેકતા કહ્યું છે કે તે આગની સાથે રમવાનું બંધ કરી દે અને કાયદા પરત લેવા પર અડગ છે.

કૃષિ કાયદાના મુદ્દે ભાજપ અને કોંગ્રેસ આમને સામને આવ્યાં છે કેમકે, ભાજપે રાજયભરમાં ખેડૂત સંમેલન ઉપરાંત ખાટલા બેઠકો યોજી ખેડૂતોને સમજાવવા પ્રયાસો કર્યા છે જયારે કોંગ્રેસે ખેડૂતો આંદોલનના સમર્થનમાં અને કૃષિ બીલ પરત લેવા ઉગ્ર માંગ સાથે વિરોધ પ્રદર્શન કરતા કાર્યક્રમો આપી રહી છે

અરવલ્લી જીલ્લા કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોએ દિલ્હી સ્થીત આંદોલન પર બેઠેલા ખેડૂતોના સમર્થનમાં અને નવો કૃષિ કાયદો પરત લેવાની માંગ સાથે મોડાસા ચાર રસ્તા પર કૃષિ બિલ ફાડી વિરોધ નોંધાવ્યો હતો અને સરકાર સામે ઉગ્ર સુત્રોચાર કરતા પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકરો પાસેથી નવા કૃષિ બીલની પરત ઉઘરાવી રહી હોવાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા લોકોમાં રમૂજ ફેલાઈ હતી આખરે નવા કૃષિ બિલનો વિરોધ કરી રહેલા કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકરોની અટકાયત કરી લીધી હતી.

# પ્રાંતિજ ખાતે કોંગ્રેસ દ્વારા કૃષિ બિલ સળગાવીને વિરોધ કર્યો

પ્રાંતિજ તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કોંગ્રેસ દ્વારા કુષિ બીલનો વિરોધ કરી કુષિ બીલ બારૈયા, તાલુકા પંચાયતના પ્રમુખ, કોંગ્રેસ તાલુકા પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ, અનિલ પટેલ સહિત કોગ્રેસના ૧૪ જેટલા આગેવાનો કાર્યકરોની



સળગાવવામા આવ્યું હતું તો પ્રાંતિજ પોલીસ દ્વારા પૂર્વ ધારાસભ્ય, તાલુકા પ્રમુખ સહિત ૧૪ જેટલા કોંગ્રેસ કાર્યકરો કોંગ્રેસ આગેવાનોની અટકાયત કરી હતી.

પ્રાંતિજ ખાતે આજે કોંગ્રેસ તાલુકા અને કોગ્રેસ શહેર સમિતિ દ્વારા ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે એકઠા થઈને કુષિ બીલનો વિરોધ કર્યો હતો અને કુષિ બીલ સળગાવવામાં આવ્યું હતુ તો પ્રાંતિજ પોલીસ દ્વારા કુષિ બીલનો વિરોધ કરી રહેલ કોગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ અટકાયત કરી હતી તો આમ જનતા પાસેથી પ્રાંતિજ પોલીસ દ્વારા સોશિયલ ડીસન્ટન સહિતની પાવતી ફાડતી પ્રાંતિજ પોલીસ આજે ખુદ સોશિયલ ડીસન્ટનનો ભંગ કરવા બદલ કેમેરામા કેદ થઈ હતી અને કાર્યકરોને ઈકો કારમાં અટકાયત કરી ઘેટાબંકરાની જેમ ખચોખચ ભરીને લઈ જતી જોવા મળી હતી ત્યારે ત્યાં સોશિયલ ડીસન્ટનનો ભંગ નથી થતો ત્યારે પ્રાંતિજ પોલીસની પાવતી કોન ફાડશે તે સવાલ પણ હાલ તો ટોપ એન્ડ ટાઉન બન્યો છે.

# દિયોદરના કોતરવાડા નર્મદા કેનાલમાં અજાણ્યા યુવાને મોતની છલાંગ લગાવી

ડીસા, તા. ૨૪

દિયોદર તાલુકાના કોતરવાડા ફૂલપુરા મુખ્ય કેનાલમાં આજ સવારે ૧૧ વાગ્યાને સુમારે કેનાલમાં ઝંપલાવ્યું હોવાનું વાયુ



વેગે પંથકમાં સમાચાર ફેલાતા કેનાલ પર લોકોના ટોળેટોળા ઉમટયા હતા. ત્યારે કેનાલની આસપાસ એક મોટર સાયકલ પ્રદ્વ૧૮-જી-૯૯૪૯ મળી આવ્યું હતું. થરાદના નગર પાલિકાના તરવૈયાની મદદથી યુવકની લાશ ને બહાર કાઢવામાં ખૂબ મથામણ બાદ લાશ હાથ લાગી.

દિયોદરના કોતરવાડા ના ફૂલપુરા વિસ્તારની નર્મદા કેનાલ મા સવારે ૧૧ વાગ્યાના સુમારે એક યુવક કેનાલમાં ઝંપલાવ્યું હતું. સ્થાનિક લોકો જોઈજતા આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. યુવાન બહાર કાઢવા સ્થાનિક તરવૈયા દ્વારા ખૂબ મથામણ કરવા છતાં યુવાન ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતાં અજાણ્યા બાઈક ના આધારે દિયોદર ના રૈયા ગામે હોવાનો જાણવા હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે થરાદ ના તરવૈયા દ્વારા ભારે જહેમત બાદ મોડી સાંજે યુવાન ની લાશ મળી હતી.

દિયોદર પોલીસ અને દિયોદર મામલતદાર સ્થળ પર પહોંચી યુવકના મોતની તજવીજ હાથ ધરી છે.ત્યારે મૃતક યુવાન માન્સુગભાઈ હેગોળાજ ભાઈ પટેલ ઉમર ૨૨ના યુવાન અસ્થિર મગજ નો હોય રૈયા ગામનો હોવાનું જાણવા મળ્યું છે.

માહિતી મુજબ હાલ લાશને સ્થાનિક તરવૈયા દ્વારા બહાર કાઢી પરિવાર યુવાનની લાશ ને પીએમ કરવાની ના પાડતાં પરિવાર ને સુપ્રત કરવામાં આવી છે.. દિયોદર પોલીસ હાલતો એડી ગુન્હો નોંધ્યો છે.

## દુ:ખદ અવસાન

ભિલોડા તાલુકાના હાથીયા ગામના સવજીભાઈ ગોમાજી ડામોરના ધર્મપત્ની (નિવૃત્ત :- બી.એસ.એન.એલ.,કર્મચારી) ના



ધર્મપત્ની સવિતાબેન સવજીભાઈ ડામોર (નિવૃત્ત :- બી.એસ.એન.એલ.,કર્મચારી)નું તા.૨૦/૧૨/૨૦૨૦ ને રવિવારના રોજ દુ:ખદ્ અવસાન થયેલ છે.સદ્ગતનું અગીયારમું તા.૩૦/૧૨/૨૦૨૦ ને બુધવારના રોજ તેઓના નિવાસ સ્થાને રાખેલ છે.

# વ્યવસાય વેરાની વસુલાત માટે હિંમતનગર પાલિકા આકરા પાણીએ

**૨૨૧ બાકીદારોને આખરી નોટીસ અપાઈ : બાકીદારો સત્વરે વ્યવસાયવેરો નહી ભરે તો મંગળવારથી મિલ્કતોને સીલ મરાશે**

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગર પાલિકાના વિવિધ વિસ્તારોમાં ધંધો રોજગાર કરતા તમામ વ્યવસાયકારોને દર વર્ષે સરકારના નિયમ મુજબ નગરપાલિકાને વેરો ચુકવવો પડે છે ત્યારે ચાલુ નાણાકીય વર્ષ એટલે કે સપ્ટેમ્બર મહિનો પૂર્ણ થઈ ગયો હોવા છતા લગભગ ૨૫૦ વથી વધુ બાકી દારોને અગાઉ નોટીસ અપાઈ હતી જે પૈકી ખુબ ઝુજ વેપારીઓએ નગરપાલિકાને લગભગ ૧૫ લાખની રકમ ચુકવી છે. તેમ છતા ૨૨૧ બાકીદારો કંઈજ ગણકારતા ન હોવાથી ગુરૂવારે તેમને બીજી અને છેલ્લી નોટીસ આપીને વ્યવસાય વેરો ભરી જવા માટે તાકીદ કરાઈ છે. તેમ છતા જો તેઓ કાયદાનો ભંગ કરશે તો મંગળવાર તા.૨૯ ડીસેમ્બરથી બાકીદારોની મિલ્કત સીલ કરવાનો આખરી નિર્ણય લેવાયો છે.

આ અંગે પાલિકાના ચીફ ઓફીસર યશપાલસિંહ વાઘેલાના જણાવાયા મુજબ હિંમતનગર પાલિકાની હદમાં આવતા મહેતાપુરા, મોતીપુરા, પોલોગ્રાઉન્ડ, મહાવીરનગર, ટાવરચોક, જુનાબજાર, નવાબજાર સહિતના અન્ય વિસ્તારોમાં ધંધો રોજગાર કરતા વેપારીઓએ વ્યવસાયકાર તરીકે નગરપાલિકામાં નોંધણી કરાવી હતી. જેથી નગરપાલિકાના ચોપડે વર્તમાન સમયમાં લગભગ ૫૦૦૦ થી વધુ વ્યવસાય કારો નોધાયેલા છે. જે પૈકી મોટાભાગના વેપારીઓએ મુદત વિત્યા પહેલા પાલિકાને વ્યવસાય વેરો ચુકવી દીધો છે જેથી નગરપાલિકાને અંદાજે એક કરોડથી વધુની આવક થવા પામી છે. તો બીજી તરફ થોડા દિવસ અગાઉ ૨૫૦ થી વધુ વ્યવસાયવેરાના બાકીદારોને નોટીસ આપી તાકીદ કરવામાં આવી હતી. તેમ છતા ૨૨૧ થી વધુ વેપારીઓએ વ્યવસાય વેરો ભરવામાં તસ્દી લીધી નથી તેમ છતા પ્રથમ નોટીસ અપાયા બાદ પાલિકાને લગભગ ૧૫ લાખની આવક થઈ છે. આ રકમ ભરપાઈ થવા છતા હજુ નગરપાલિકાને લગભગ ૪૦ લાખથી વધુની વસુલાત કરવાની થાય છે. જેથી ચીફઓફીસરની સુચના બાદ ગુરૂવારે બાકીદારોને છેલ્લી નોટીસ આપવામાં આવી છે. તેમ છતા જે બાકીદારો ટેક્ષ ભરવામાં ગંભીરતા નહી દાખવે તો તા.૨૯ ડીસેમ્બરથી પોલીસ બંદોબસ્ત સાથે બાકીદારોની મિલ્કતો સીલ કરવાની કાર્યવાહી હાથ ધરાશે.